# પંદરમી ગુજરાત વિધાનસભા
## કામકાજ સલાહકાર સમિતિ
## ત્રીજો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા.૧૨મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** પંદરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રના કામકાજ માટે ગૃહની બેઠક એક દિવસ લંબાવવી અને શનિવાર, તા.૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ પણ સભાગૃહની બેઠક રાખવી.

**૨.** પંદરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રના તા.૧૩/૦૯/૨૦૨૩ થી તા.૧૬/૦૯/૨૦૨૩ સુધીના દિવસોએ સભાગૃહમાં હાથ ધરવાનાં સરકારી વિધેયકો અને સરકારી કામકાજ નીચે દર્શાવેલા ક્રમમાં ક્રમાનુસાર હાથ ધરવા.

**(અ) બુધવાર, તા.૧૩/૦૯/૨૦૨૩**

(૧) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૨૩નું ચાંપાનેર-પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક વર્લ્ડ હેરીટેજ એરીયા મેનેજમેન્ટ ઓથોરીટી (રદ કરવા બાબત) વિધેયક.

(૨) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૩નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૨૩નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયક.

**(બ) ગુરુવાર, તા.૧૪/૦૯/૨૦૨૩**

(૧) રાજ્યકક્ષાના માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માનો G-20નું નેતૃત્વ શોભાવવા બદલ તથા તેની બેઠકના સફળ આયોજન કરવા બદલ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને હાર્દિક અભિનંદન પાઠવવા બાબતનો સરકારી સંકલ્પ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૯૦ મિનિટનો સમય ફાળવવો.

(૨) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૨૩નું ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા) વિધેયક.

**(પાછળ)**

(૩) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૨૩નું ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

**(ક) <u>શુક્રવાર, તા.૧૫/૦૯/૨૦૨૩</u>**

(૧) રાજ્યકક્ષાના માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયાનો ''ચંદ્રયાન–૩''નું ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સૌપ્રથમવાર સફળ ઉતરાણ તેમજ સૂર્યમિશન અંતર્ગત સૂર્યની ગતિવિધિઓના સંશોધન અર્થે ''આદિત્ય એલ–૧''ને સફળતાપૂર્વક અવકાશમાં મોકલવા બદલ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી તેમજ ઇસરોના વૈજ્ઞાનિકો અને અન્ય તમામ ટેક્નિકલ તજજ્ઞોને હાર્દિક અભિનંદન પાઠવવા બાબતનો સરકારી સંકલ્પ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૯૦ મિનિટનો સમય ફાળવવો.

(૨) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૨૩નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૨૩નું બાળ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયક.

**(ડ) <u>શનિવાર, તા.૧૬/૦૯/૨૦૨૩</u>**

(૧) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૨૩નું ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક.

(૨) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક.

(૩) છેલ્લા દિવસનો પ્રસ્તાવ.

**૩.** ઉક્ત નિયત થયેલ કામકાજ નિયત દિવસોએ જરૂર પડ્યે ગૃહની બેઠકનો સમય લંબાવીને પણ પૂરું કરવું.

| | |
|---|---|
| **ગુજરાત વિધાનસભા સચિવાલય,** | **શંકરભાઇ ચૌધરી** |
| **ગાંધીનગર.** | **પ્રમુખ,** |
| **તારીખઃ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૨૩** | **કામકાજ સલાહકાર સમિતિ.** |